**સોગંદ આપ્યા.....**

**(શરૂ–૦૩:૨૨, પુર્ણ– ૦૫:૦૧)**

અરજદાર શીલ્પાબેન વા.ઓ. જીગ્નેશભાઈ રાશમીયાની આક–૫૬ની સરતપાસ લગત સામાવાળા તરફે ઉલટ તપાસ વિ. વ.શ્રી એન.બી.મહેતા.

(૧) આ કામના સામાવાળા નં.૧ સાથે મારા લગ્ન તા.૧૩/૦૮/૨૦૧૯ના રોજ થયેલા. મારા પીયરમા મારા માતા–પિતા, મારા ત્રણ ભાઈઓ, મારા ભાઈનો એક દિકરો, મારી એક બહેન, હું, મારો દિકરો છે. એ વાત ખરી છે કે મારા પીયરમા અમે બધા સંયુકત કુટુંબમા રહીએ છીએ.

સવાલઃ– તમારી સગાઈના એક મહીના બાદ સામાવાળા નં.૧ સાથે સામાવાળાના ઘરે તમારા લગ્ન ફુલહારથી થયેલા?

જવાબઃ– હા, શાસ્ત્રોકત વિધીથી બંને પક્ષના સગાસબંધીઓની હાજરીમા થયેલા.

સવાલઃ– તેનુ કારણ તમારા પિતાની આર્થીક સ્થીતી નબળી હતી?

જવાબઃ– મારી સાસુને લગ્નની ઉતાવળ હતી, અમને એમ હતુ કે સગાઈ એક બે વર્ષ રહેશે. એ વાત ખરી નથી કે હું પહેરેલ કપડે લગ્ન કરીને કોઈ પણ પ્રકારનો કરીયાવર લીધા વિના સાસરે ગયેલી. મને કરીયાવર પાછળથી આપવામા આવેલો.

સવાલઃ– તમારા ત્રણેય ભાઈઓ કારખાનામા કામ કરે છે?

જવાબઃ– મારો એક ભાઈ કારખાનામા કામ કરે છે.

એ વાત ખરી નથી કે મારો એક ભાઈ દારૂનો ધંધો કરે છે અને થાન મુકામે તેના પર ઘણા બધા દારૂના કેસો થયેલા છે. એ વાત ખરી નથી કે મારા માતાપિતા કારખાનામા મજુરીએ જાય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓ કોઈ કામ કરતા નથી, મારા પિતા કયારેક કયારેક મજુરીએ જાય છે. એ વાત ખરી છે કે મારા પિતા કડીયા કામ જાણે છે અને કડીયા કામનુ કામ કરે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા પિતા જયારે કામ હોય ત્યારે કડીયા કામે જાય છે. મે ધોરણ–૧૨ સુધી અભ્યાસ કરેલ છે. એ વાત ખરી છે કે મને સીવણ કામ આવડે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે થોડુ થોડુ આવડે છે. મને પાપડ વણતા આવડતા નથી. એ વાત ખરી નથી કે મારા ભાઈ તથા મારા પતિ એક જ કારખાનામા કામ કરતા હતા. મારા પતિ છોકરાઓનુ ટયુશન કામ કરતા હતા અને ઈગ્લીશ મીડીયમ સ્કુલમા ભણાવવા જતા હતા,

તે સ્કુલનુ નામ મને યાદ નથી. મને એ વાત યાદ નથી કે મારી હાલની ઘરેલુ હીંસાની અરજીમા તથા ફેમીલી કોર્ટમા ચાલતી ફોજદારી પરચુરણ અરજી નં.૩૧/૨૦૨૧ના કામે મારા પતિ છોકરાઓનુ ટયુશન કામ કરતા હતા અને ઈંગ્લીશ મીડીયમ સ્કુલમા ભણાવવા જતા હતા, તેવી વિગત જણાવેલ નથી.

(૨) એ વાત ખરી છે કે લગ્ન બાદ હું મારી સાસરીમા સંયુકત કુટુંબમા રહેતી હતી. એ વાત ખરી છે કે સંયુકત કુટુંબમા બધા મને સારી રીતે રાખતા હતા. એ વાત ખરી છે કે મારા સાસુ નોકરીયાત હોવાથી નોકરીએ જતા રહેતા હતા, મારા પતિ તથા દિયર પણ નોકરીએ જતા હતા તેથી હું ઘરે એકલી રહેતી હતી. એ વાત ખરી છે કે તેથી ઘરની જવાબદારી મારી ઉપર રહેતી હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ઘરકામની જવાબદારી મારી પર રહેતી હતી. એ વાત ખરી નથી કે બધા નોકરીયાત હોય નોકરીએ જતા રહેતા હોવાથી મને કોઈએ ત્રાસ આપેલ નથી. એ વાત ખરી નથી કે મને કોઈપણ જાતની મારઝુડ કરેલ નથી. એ વાત ખરી નથી કે મને કરીયાવર બાબતે કોઈ મહેણાટોણા મારેલ નથી. એ વાત ખરી નથી કે મને કોઈએ ઘરની બહાર પણ કાઢેલ નથી. એ વાત ખરી નથી કે મને ત્રણ માસનો ગર્ભ હતો તેની જાણ મે મારા સાસરીયાને કરેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા સાસુ જાતે મને ચેકઅપ માટે લઈ જતા અને મારા દિયર અને મારા પતિ પણ ત્યાં હતા. મને એ વાત યાદ નથી કે મને ત્રણ માસનો ગર્ભ હોવાથી મારા સાસુ તથા મારા પતિ અને મારા દિયર મને ચેકઅપ માટે લઈ ગયેલા, તેની હકીકત મારી ઘરેલુ હીંસાની અરજીમા તથા ફેમીલી કોર્ટમા ચાલતી ફોજદારી પરચુરણ અરજી નં.૩૧/૨૦૨૧મા જણાવેલ નથી. એ વાત ખરી છે કે મે મને ત્રણ માસનો ગર્ભ હોવા અંગેનુ કોઈ મેડીકલ સર્ટીફીકેટ આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે મારે સંયુકત કુંટુંબમા રહેવુ ન હોવાથી હુ મારા પતિને ચઢામણી કરતી હતી. એ વાત ખરી નથી કે મને કોઈએ કાઢી મુકેલ નથી પરંતુ મારી સ્વેચ્છાએ મારા પીયરમા જતી રહેલ. એ વાત ખરી નથી કે હું સ્વેચ્છાએ જતી રહેલ હોવા છતા મારી સાસુ અને કુટુંબના તમામ લોકો મને તેડવા માટે આવેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેડવા માટે નહી, ધમકી આપવા માટે આવેલા. એ વાત ખરી નથી કે મારા સાસરીયા મને તેડવા આવેલા ત્યારે અમે ઘરના બધા ભેગા થઈને મારવા દોડેલા અને કાઢી મુકેલા. મે મારા સાસુ અને સાસરીયા વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમા ધમકી આપવા આવેલાની ફરીયાદ આપેલી.

સવાલઃ– તમારી નણંદના લગ્ન હતા ત્યારે તમે ત્રીજા માળે ચઢી આત્મહત્યા કરવાનો પ્રયત્ન

કરેલો?

જવાબઃ– ના, એ વાત ખોટી છે, દરવાજો બંધ હતી તેથી હું બેઠેલી.

એ વાત ખરી નથી કે મે મારા સાસરીયાઓ મને શારીરીક–માનસીક ત્રાસ આપતા હોવાની અને ગાળો બોલતા હોવાની ફરીયાદ પોલીસ સ્ટેશનમા આપેલ નથી અને તેવી પોલીસ સ્ટેશનમા આપેલ ફરીયાદની કોપી આ કામમા રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે મારી સાસરીમા એક માત્ર મારા સાસુ જ કમાતા હતા બીજુ કોઈ કમાતુ ન હતુ.

સવાલઃ– ઘરેલુ હીસાની અરજી કર્યા બાદ તમને મીડીએશનમા મોકલવામા આવેલ?

જવાબઃ– ત્યાં હું જ હાજર રહેલી, સામાવાળા હાજર રહેલા નહી. હવે હું જણાવુ છુ કે મારા પતિ મીડીએશનમા એક વાર હાજર રહેલા.

સવાલઃ– તમે પોલીસ સ્ટેશનમા તથા કોર્ટમા મીડીએશન માટે બોલાવેલા ત્યારે તમારા એટલે કે અરજદારના કુટુંબના અને સામાવાળાના કુટુંબના તમામ સભ્યો હાજર હતા?

જવાબઃ– હું, મારો દિકરો અને મારા પિતા કોર્ટના મીડીએશનમા હાજર રહેલા અને પોલીસ સ્ટેશનના મીડીએશનમા હું એક જ હાજર હતી. પોલીસ સ્ટેશનના મીડીએશનમા સામાવાળા કોઈ હાજર ન હતા પરંતુ કોર્ટના મીડીએશનમા મારા પતિ એકલા જ હાજર રહેલા.

સવાલઃ– કોર્ટના મીડીએશનમા તમારા કુટુંબના તેમજ સામાવાળાના કુટુંબના સભ્યો હાજર હોય અને સામાવાળાના કુટુંબ ધ્વારા લગ્ન જીવન સારી રીતે ચાલે તે માટે તમને ફોસલાવીને લઈ જવાના હોય અને તમને તથા તમારા પિતાને સમજાવેલા હોય તો તમે ના પાડેલી?

જવાબઃ– એ વાત ખોટી છે.

સવાલઃ– તમારા સાસરીયાઓએ ઘણા પ્રયત્નો કરેલા પરંતુ તમારા પિતાએ મોકલેલા નહી?

જવાબઃ– કોઈ પ્રયત્ન કરેલા નથી.

સવાલઃ– પોલીસ સ્ટેશનમા એક વાર મીડીએશનમા બોલાવેલા અને બે વાર કોર્ટમા મીડીએશન માટે બોલાવેલા?

જવાબઃ– પોલીસ સ્ટેશનમા એક વાર મીડીએશનમા બોલાવેલા અને એક વાર કોર્ટમા મીડીએશન માટે બોલાવેલા.

એ વાત ખરી નથી કે હું ધોરણ–૧૨સુધી નહી પરંતુ ગ્રેજયુએટ પાસ છુ.

સવાલઃ– તમારા સાસુ થાન અને ત્યાર પછી ચોટીલા તરફ એએસઆઈ તરીકે ફરજ બજાવતા હતા?

જવાબઃ– ચોટીલા નોકરી કરતા હતા તેની ખબર છે, થાનમા નોકરી કરતા હતા તેની મને ખબર નથી.

એ વાતની મને ખબર નથી કે મારા સાસુ હાલ રીટાયર છે. મને એ વાતની ખબર નથી કે મે ઘરેલુ હીંસાની અરજીમા તથા ફેમીલી કોર્ટની ફોજદારી પરચુરણ અરજી નં.૩૧/૨૦૨૧ મા જે મકાન દર્શાવેલ છે તે મારા સાસુના નામે ચાલે છે.

સવાલઃ– તમારી ઘરેલુ હીંસાની અરજીમા તથા ફેમીલી કોર્ટની ફોજદારી પરચુરણ અરજી નં. ૩૧/૨૦૨૧મા તમને કોઈ હેરાનગતી ન હતી પરંતુ તમારા પતિને અન્ય સ્ત્રી સાથે અગાઉથી સબંધ હોય જેના કારણે તમે તમારા પીયરમા જતા રહેલા?

જવાબઃ– મને અગાઉથી ખબર ન હતી પરંતુ પાછળથી મારા પતિએ મારા ભાઈના વોટસએપમા મારા દિકરાના જન્મ પછી ફોટા મોકલેલા અને મેસેજ પણ મોકલેલા.

એ વાત ખરી છે કે છાપામા મારા સાસુ ધ્વારા મારા પતિને પોતાની મીલકતમાંથી રદ બાતલ કરેલ છે, તેવી નોટીસ આપેલી. મને એ વાતની ખબર નથી કે મારા પતિ હાલ જુનાગઢ મુકામે મંદીરમા રહે છે અને પુજા કરે છે. એ વાત ખરી નથી કે મારા દિયરે મને પેટમા પાટુ મારીને મારો ગર્ભ પાડી નાખવાની ધમકી આપેલી, તેવુ બનેલ નથી.

સવાલઃ– તમારા ત્રાસના હીસાબે તમારા પતિ ઘર છોડીને કયાંક જતા રહેલા તેની તમારા સાસુને હાલ પણ ખબર નથી?

જવાબઃ– મારા સાસુને ખબર જ છે, મારા સાસુની સાથે જ અત્યારે રહે છે.

સવાલઃ– તમારા સાસરીમા તમે છ માસ સારી રીતે રહેલા?

જવાબઃ– ત્રણ માસ સારી રીતે રહેલી, ગર્ભ રહયા બાદ મને મહેણાટોણા મારેલા.

એ વાત ખરી છે કે હું મારી સાસરીમા માત્ર છ માસ રહેલી છુ. એ વાત ખરી નથી કે મારા પતિ કમાતા ન હોય હું અને મારા પતિએ મારા સાસુને કહેતા, મારા સાસુએ ના પાડેલી છતા અમે બંને પતિપત્ની ગર્ભપાત કરાવવા ગયેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા સાસુ અને મારા પતિએ મને ગર્ભપાત કરાવવા કહેલુ પરંતુ મે ચોખ્ખી ના પાડેલી. એ વાત ખરી નથી કે મારા પીયર આવ્યા બાદ પણ મારા સાસુ અને પતિએ તેડવાનો પ્રયત્ન કરેલો પરંતુ હું મારી સાસરીમા ગયેલી નહી.

*એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

સવાલઃ– તમારા સાસુ તેડવા માટે આવેલા ત્યારે તમે કહેલ કે તમારા દિકરાને અન્ય સ્ત્રી સાથે સબંધ છે જે મુકી દે તો હું આવુ?

જવાબઃ– મે આવુ કંઈ કીધેલ નથી, મારા સાસુ તેડવા આવલ નથી.

એ વાત ખરી નથી કે મારી હાલની ઘરેલુ હીંસાની અરજીમા તથા ફેમીલી કોર્ટની ફોજદારી પરચુરણ અરજી નં. ૩૧/૨૦૨૧ અરજીમા મારા પતિ કારખાનામા નોકરી કરી મહીને દસ હજાર રૂપીયા કમાય છે તેવુ લખેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા પતિ કારખાનામા કયારેય નોકરીમા ગયા જ નથી અને અરજીમા પણ આવી વિગત લખાવેલ નથી.

એ વાત ખરી નથી કે પ્રોટેકશન ઓફિસર પાસે સામાવાળાઓ ચારીત્ર અંગે શંકા કરતા હતા તેવુ લખાવેલ તે હકીકત હું ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે હાલ મારા સાસુ અને દિયર બંને એકલા રહે છે અને મારા પતિ કયાં રહે છે તે એ લોકોને ખબર નથી.

આ તબકકે કોર્ટ સમય પુર્ણ થતા સબબ કામ વધુ ઉલટ તપાસ મુલતવી.

**સ્થળઃ– હળવદ.**

**તારીખઃ– ૧૧/૦૨/૨૦૨૬.**

| | |
|---|---|
| સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે. | મારી રૂબરૂ, |
| | ( નિમિષા ગંગારામભાઈ સુરતી) |
| એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ | એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ |